GJMR040031692024

| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૬/૧૧/૨૦૨૪ |
| રજી. તારીખ | ૧૬/૧૧/૨૦૨૪ |
| ફેસલ તારીખ | ૦૧/૦૭/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ ૦૧, માસ ૦૭, દિવસ ૧૫ |

**વાંકાનેરના મહે. એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મું. વાંકાનેર, જી. મોરબી.**

**ફો.કેસ.નં.૨૫૪૨ /૨૦૨૪**
**આંક–**

**ફરીયાદી:–** શ્રી સરકાર

**વિ રૂ ઘ્ધ**

**આરોપી:–** **ગભરૂભાઇ ઝવેરભાઇ માથાસુરીયા**
ઉ‌વ:૩૪,ધંધો:મજુરી,
રહે હાલ:માટેલ રોડ,વિકાસ હોટલ પાછળ ઓરડીમા,
લાકડાધાર,તા.વાંકાનેર,જી.મોરબી.
મુળ ગામ:કાનપર,તા.સાયલા,જી.સુરેન્દ્રનગર.

**ગુન્હો:–** **પ્રોહીબીશન એકટ કલમ– ૬૫(ઇ) મુજબના ગુના સબબ.....**

---

સરકારશ્રી તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી એ.એન.પટેલ
આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રી એમ.કે.વોરા

---

**:: ઠ રા વ ::**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત જોવામાં આવે તો, તા.૧૪/૦૫/૨૦૨૪ નારોજ કલાક ૧૮:૪૫ વાગ્યાના અરસામાં આ કામના આરોપીએ પોતાના કબજામાં ગે.કા. પાસ પરમીટ કે આધાર વગર પ્લા.ના બાચકા નંગ-૨ આશરે ૨૦૦ એમએલ ક્ષમતાવાળા કેફી પ્રવાહી દેશી દારૂ ભરેલ પ્લા.ના કોથળીઓ નં ગ-૨૦૦ તથા આશરે ૫ લીટરની ક્ષમતાવાળા બુગીયા નંગ-૨ એમ મળી કુલ દેશી દારૂ લી.૫૦ કી.૧ 000 નો વેચાણ કરવાના ઈરાદે પોતાના કબ્જામાં રાખી મળી આવતા ધી પ્રોહીબીશન એકટની કલમ-૬૫(ઈ) મુજબનો ગુનો બનતો હોય તે અંગેનું ચાર્જશીટ કરી ઈન્સાફી કાર્યવાહી માટે નામ.કોર્ટ સમક્ષ રજૂ કરેલ છે.

(૨) <u>ન્યાચીક કાર્યવાહી</u>

આ કામનાં આરોપીને આ અદાલત ધ્વારા સમન્સ ઈશ્યુ થતા, આરોપી આ અદાલત સમક્ષ હાજર થતા, આરોપીને તેઓના બચાવ માટે બી.એન.એસ.એસ.ની કલમ-૨૩૦ અન્વયે પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ. આંક- ૦૪ થી તહોમતનામું વાંચી સંભળાવી, સમજાવી ફરમાવવામાં આવેલ અને તે બાબતે આરોપીઓની પ્લી આંક-૦૫ લેવામાં આવેલ. જેમાં આરોપીએ પોતાની સામેનાં આક્ષેપાચેલ ગુનાંનો સ્પષ્ટ ઈન્કાર કરતાંફરીચાદપક્ષે પુરાવાની કાર્યવાહી આગળ ચલાવેલ છે.

(૩) આ કામે ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામા આવેલ છે.

**<u>-: મૌખિક પુરાવો :-</u>**

| અનું.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | વીજયભાઈ અશોકભાઈ ચારલા ની જુબાની | ૦૬ |
| ૨. | અજયભાઈ કાળુભાઈ ચારલા ની જુબાની | ૦૮ |
| ૩. | સુરેશભાઈ લક્ષ્મણભાઈ હુંબલ ની જુબાની | ૧૦ |
| ૪. | વિક્રમભાઈ લાભુભાઈ કુગશીયા ની જુબાની | ૧૩ |
| ૫. | મયુરધ્વજસિંહ હરીશચંદ્રસિંહ જાડેજા ની જુબાની | ૨૦ |

**<u>-:દસ્તાવેજી પુરાવો:-</u>**

| અનું.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચનામુ | ૦૭ |
| ૨. | પ્રોહી કલમ–૧૨૦ નો ઠરાવ | ૧૧ |
| ૩. | ફરીયાદ | ૧૪ |
| ૪. | રવાનગી પત્રક | ૨૧ |

**(૪)** આ કામે ફરીયાદપક્ષનો પુરાવો નોંધ્યા બાદ વિ.એ.પી.પી.શ્રી નાઓએ મૌખિક વિનંતિ કરી ફરીયાદપક્ષના વધુ કોઈ મહત્વના સાક્ષી તપાસવાના રહેતા ના હોવાની હકીકત જાહેર કરતા રજુ થયેલ રેકર્ડ ઉપરના પુરાવાને વંચાણે લેતાં આરોપીનું બી.એન.એસ.એસ.કલમ–૨૫૧ હેઠળ વિશેષ નિવેદન લેવામા આરોપીએ ફરીયાદપક્ષની હકીકતનો ઈન્કાર કરી પોતે નિર્દોષ હોવાનુ જણાવેલ છે. ત્યારબાદ આ કામે બંને પક્ષોની દલીલો સાંભળવામાં આવેલી.

**(૫)** ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તર્ફેના વિ.વ.શ્રીની દલીલો સાંભળી.

**(૬)** આ કેસની ઉપરોકત હકીકતો, સંજોગો, રેકર્ડ પર રજુ કરવામાં આવેલ પુરાવો તથા સંલગ્ન કાયદાની જોગવાયો તેમજ ઉભયપક્ષની રજૂઆતો ધ્યાને લેતાં મારા નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**(૭)** ઉપરોકત હકીકતે આ કેસનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દા નં.(૧)** શું ફરીયાદપક્ષ નિ:શંક પણે પુરવાર કરે છે કે, તા.૧૪/૦૫/૨૦૨૪ નારોજ કલાક ૧૮:૪૫ વાગ્યાના અરસામાં આ કામના આરોપીએ પોતાના કબજામાં ગે.કા. પાસ પરમીટ કે આધાર વગર પ્લા.ના બાચકા નંગ–૨ આશરે ૨૦૦ એમએલ ક્ષમતાવાળા કેફી પ્રવાહી દેશી દારૂ ભરેલ પ્લા.ના કોથળીઓ નં ગ–૨૦૦ તથા આશરે ૫ લીટરની ક્ષમતાવાળા બુગીયા નંગ–૨ એમ મળી કુલ દેશી દારૂ લી.૫૦ કી.૧ 000 નો વેચાણ કરવાના ઈરાદે પોતાના કબ્જામાં રાખી મળી આવતા ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ) અન્વયે શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

**મુદ્દા નં. (૨)** શું હુકમ?

( ૮ ) ઉપરોકત મુદ્દાઓનાં મારા કારણો અને તારણો નીચે મુજબ છે.

**મુદ્દા નં. (૧) નકારમાં,**

**મુદ્દા નં. (૨) આખરી હુકમ મુજબ**.

**:: કારણો ::**

**મુદા નં. ૧:–**

( ૯ ) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે રજુ થયેલ દસ્તાવેજી તથા મૌખિક પુરાવો વંચાણે લેતાં ફરીયાદપક્ષ ધ્વારા પંચસાહેદ નં–૦૧ વીજયભાઈ અશોકભાઈ ચારલા નો આંક–૦૬ નો તેમજ પંચસાહેદ નં–૦૨ અજયભાઈ કાળુભાઈ ચારલા નો આંક–૦૮ નો મૌખિક પુરાવામાં તેઓએ આંક–૦૭ થી રજુ પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે. સદર પંચ સાહેદો પંચનામાંની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નહી હોવાથી વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ હતાં ત્યારબાદ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પશ્નો પુછેલ હોવા છતા ફરીયાદ પક્ષના કેશને સર્મથન કરેલ નથી. આમ, આંક–૦૭ ના પંચનામાની હકીકત પુરવાર થયેલ નથી.

(૧૦) ફરીયાદપક્ષે સાહેદ નં–૦૩ સુરેશભાઈ લક્ષ્મણભાઈ હુંબલ નો આંક–૧૦ નો મૌખિક પુરાવો વંચાણે લેતાં તેમાં તેઓએ જણાવેલ છે કે, હું સને ૨૦૨૪ માં એલ.સી.બી. શાખા, મોરબી ખાતે પો.હેડ કોન્સ. તરીકે મારી ફરજ ઉપર હજાર હતા. તે સમયે તા.૧૪/૦૫/૨૦૨૪ ના રોજ હું તથા વિક્રમભાઈ લાભુભાઈ એમ અમે બંને વાંકાનેર તાલુકા પો.સ્ટે. ના વિસ્તારમાં પેટ્રોલીં ગ માં હતા તે દરમ્યાન ઢુવા ચોકડી પાસે પહોંચતા અમોને તથા વિક્રમભાઈ ને હકીકત મળેલ કે માટેલ રોડ, વિકાસ હોટલ પાસે ઓરડી માં રહેતા ગભુરભાઈ ઝવેરભાઈ માથાસુરીયા દેશી દારુનું વેચાણ કરે છે તેવી હકકીક મળતા. જેથી અમોએ બે રાહદારી પંચોને બોલાવી વિગતવારની સમજ આપી પ્રાથમિક પંચનામુ કરેલુ અને પંચનામુ તેમજ પ્રોહી કલમ ૧૨૦ નો

ઠરાવ કરી સદર હકીકત વાળી જગ્યાએ રવાના થયેલા. માટેલ રોડ, વિકાસ હોટલ ની પાછળ ની ઓરડી એ તપાસ કરતા એક ઈસમ હાજર મળી આવેલો તેનુ પંચો રૂબરૂ નામ ઠામ પુછતા ગભરુભાઈ ઝવેરભાઈ માથાસુરીયા રહે. માટેલ રોડ, વિકાસ હોટલ પાછળ, તા.વાંકાનેર રહે. મુળ દેવસર, જી.સુરેન્દ્રનગર વાળો હોવાનું જણાવેલુ. મજકુરને પ્રોહી ૧૨૦ ના ઠરાવની સમજ કરી સાથે રાખી ઓરડી માં તપાસ કરતા પ્લાસ્ટીકના બે બાચકા મળી આવેલ જે બાચકાના મોઢા ખોલી ચેક કરતા પારદર્શક પ્રવાહી ભરેલી કોથળીઓ જોતા. તેને બહાર કાઢી ગણતા તે કોથળીઓ નંગ–૨૦૦. દરેક કોથળી ઓ માંથી ૨૦૦ એમ.એલ. જેટલુ પ્રવાહી એફ.એસ.એલ. તપાસણી અર્થે કબજે કરેલ. સદરહું દારુ પંચો રૂબરૂ  સુંઘી સુંઘાડી જોતા દેશી દારુ જેવી ખાટી અને તીવ્ર વાસ આવતી હોય સદર દારુ રાખવા બાબતે ઈસમ ને પાસ પરમીટ કે આધાર પુરાવો માંગતા ન હોવાનું જણાવેલું આમ કોથળી નંગ–૨૦૦, દારુ લીટર – ૫૦ જેની કીમત રૂા.૧૦૦૦/– ગણી  મુદામાલ કબજે કરી વિગતવારનું પંચનામુ અમોએ કરેલુ. ત્યારબાદ અમારી સાથેના વિક્રમભાઈ લાભુભાઈ એ પો.સ્ટે. જઈ આ ગુન્હાની ફરીયાદ આપેલી. મને આજ રોજ કામ માંથી પ્રોહી કલમ ૧૨૦ નો ઠરાવ બતાવામાંઆવેલ તેમાં મારી તેમજ બે પંચોની સહી તેમજ આરોપીના અંગુઠા નું નીશાન છે જે હું ઓળખી બતાવુ છું  જે રજુ **દાખલ આંક–૧૧.** આ બાબત નું ત.ક.અ.શ્રી મયુરસિંહ હરીશચંદ્રસિંહ એ મારુ નિવેદન લીધેલુ. આરોપીને જોયેથી ઓળખુ છું. આજ રોજ કોર્ટ માં હાજર નથી. બચાવ પક્ષે આરોપીની ઓળખ અંગેની તકરાર નથી.

બચાવપક્ષે ઉલટતપાસ કરતાં એ હકીકત સ્વીકારેલ છે કે, પેટ્રોલીંગ માટે સરકારી વાહન માં ગયેલ હોય તો તેની નોંધ પેટ્રોલ બુક માં રાખવા ની હોય છે. બનાવ સ્થળની આજુ બાજુ માં ઘણી દુકાનો આવેલી છે તેમજ માણસોની અવર જવર હોય છે. જયાં સુધી એફ.એસ.એલ. રીપોર્ટ ન આવે ત્યા સુધી કહી નો શકાય કે કબજે કરેલ મુદામાલ દેશી દારુ છે. ઈસમ ની ઓળખ અંગેનો દસ્તાવેજી પુરાવો મારી રૂબરૂ કબજે કરેલ નથી. અમારા ઉપલા અધિકારીની સૂચનાઓ દવારા જુગાર, દારુની સ્પેશીચલ ડ્રાઈવ રાખવા માં આવે છે.

**(૧૧)** ફરીયાદપક્ષે સાહેદ નં.–૦૪ વિક્રમભાઈ લાભુભાઈ કુગશીયા નો આંક–૧૩ નો મૌખિક પુરાવો વંચાણે લેતાં તેમાં તેઓએ જણાવેલ છે કે, હું સને ૨૦૨૪ માં એલ.સી.બી. શાખા, મોરબી ખાતે પો. કોન્સ. તરીકે મારી ફરજ ઉપર હાજર હતા. તે સમયે તા.૧૪/૦૫/૨૦૨૪ ના

રોજ હું તથા સુરેશભાઈ લક્ષ્મણભાઈ હુંબલ એમ બંને  વાંકાનેર તાલુકા પો.સ્ટે. ના વિસ્તારમાં પેટ્રોલીંગ માં હતા તે દરમ્યાન ઢુવા ચોકડી પાસે પહોંચતા અમોને તથા સુરેશભાઈ ને હકીકત મળેલ કે માટેલ રોડ, વિકાસ હોટલ પાસે ઓરડી માં રહેતા ગભુરુભાઈ ઝવેરભાઈ માથાસુરીયા દેશી દારુનું વેચાણ કરે છે તેવી હકકીક મળતા. જેથી અમોએ બે રાહદારી પંચોને બોલાવી વિગતવારની સમજ આપી પ્રાથમિક પંચનામુ કરેલુ અને પંચનામુ તેમજ પ્રોહી કલમ ૧૨૦ નો ઠરાવ કરી સદર હકીકત વાળી જગ્યાએ રવાના થયેલા. માટેલ રોડ, વિકાસ હોટલ ની પાછળ ની ઓરડી એ તપાસ કરતા એક ઈસમ હાજર મળી આવેલો તેનુ પંચો રૂબરૂ નામ ઠામ પુછતા ગભરુભાઈ ઝવેરભાઈ માથાસુરીયા રહે. માટેલ રોડ, વિકાસ હોટલ પાછળ, તા.વાંકાનેર રહે. મુળ દેવસર, જી.સુરેન્દ્રનગર વાળો હોવાનું જણાવેલુ. મજકુરને પ્રોહી ૧૨૦ ના ઠરાવની સમજ કરી સાથે રાખી ઓરડી માં તપાસ કરતા પ્લાસ્ટીકના બે બાચકા મળી આવેલ જે બાચકાના મોઢા ખોલી ચેક કરતા પારદર્શક પ્રવાહી ભરેલી કોથળીઓ જોતા. તેને બહાર કાઢી ગણતા તે કોથળીઓ નંગ–૨૦૦. દરેક કોથળી ઓ માંથી ૨૦૦ એમ.એલ. જેટલુ પ્રવાહી એફ.એસ.એલ. તપાસણી અર્થે કબજે કરેલ. સદરહું દારુ પંચો રૂબરૂ સુંઘી સુંઘાડી જોતા દેશી દારુ જેવી ખાટી અને તીવ્ર વાસ આવતી હોય સદર દારુ રાખવા બાબતે ઈસમ ને પાસ પરમીટ કે આધાર પુરાવો માં ગતા ન હોવાનું જણાવેલું આમ કોથળી નંગ–૨૦૦, દારુ લીટર – ૫૦ જેની કીંમત રૂા.૧૦૦૦/– ગણી મુદામાલ કબજે કરી વિગતવારનું પંચનામુ અમારી સાથેના સુરેશભાઈ હુંબેલે કરેલુ. ત્યારબાદ અમોએ પો.સ્ટે. જઈ આ ગુન્હાની ફરીયાદ આપેલી. મને આજ રોજ કામ માંથી **અસલ ફરીયાદ** બતાવામાં આવે છે તેમાં મારી સહી છે જે હું ઓળખી બતાવુ જે રજુ દાખલ **આંક–૧૪.** આરોપીને જોયેથી ઓળખુ છું.  આજ રોજ કોર્ટ માં હાજર નથી. બચાવ પક્ષે આરોપીની ઓળખ અં ગેની તકરાર નથી.

બચાવપક્ષે ઉલટતપાસ કરતાં એ હકીકત સ્વીકારેલ છે કે, પેટ્રોલીંગ માટે સરકારી વાહન માં ગયેલ હોય તો તેની નોંધ પેટ્રોલ બુક માં રાખવા ની હોય છે. બનાવ સ્થળની આજુ બાજુ માં ઘણી દુકાનો આવેલી છે તેમજ માણસોની અવર જવર હોય છે.જયાં સુધી એફ.એસ.એલ. રીપોર્ટ ન આવે ત્યા સુધી કહી નો શકાય કે કબજે કરેલ મુદામાલ દેશી દારુ

છે. ઈસમ ની ઓળખ અંગેનો દસ્તાવેજી પુરાવો મારી રૂબરૂ કબજે કરેલ નથી. અમારા ઉપલા અધિકારીની સૂચનાઓ દવારા જુગાર, દારુની સ્પેશીયલ ડ્રાઈવ રાખવા માં આવે છે.

(૧૨) ફરીયાદપક્ષે સાહેદ નં.–૦૫ મયુરધ્વજસિંહ હરીશચંદ્રસિંહ જાડેજા નો આંક–૨૦ નો મૌખિક પુરાવો વંચાણે લેતાં તેમાં તેઓએ જણાવેલ છે કે, હું સને ૨૦૨૪ માં વાંકાનેર તાલુકા પો.સ્ટે. પો.હેડ.કો તરીકે મારી ફરજ ઉપર હાજર હતો તે વખતે એલ.સી.બી. કચેરીના રેડીંગ પાર્ટીના માણસોએ અમારા પો.સ્ટે. નીચે મુજબની ફરીયાદ આપેલી. તે સમયે તા.૧ ૪/૦૫/૨૦૨૪ ના રોજ સુરેશભાઈ તથા વિક્રમભાઈ લાભુભાઈ એમ અમે બંને વાંકાનેર તાલુકા પો.સ્ટે. ના વિસ્તારમાં પેટ્રોલીંગ માં હતા તે દરમ્યાન ઢુવા ચોકડી પાસે પહોંચતા અમોને તથા વિક્રમભાઈ ને હકીકત મળેલ કે માટેલ રોડ, વિકાસ હોટલ પાસે ઓરડી માં રહેતા ગભુરભાઈ ઝવેરભાઈ માથાસુરીયા દેશી દારુનું વેચાણ કરે છે તેવી હકકીક મળતા. જેથી અમોએ બે રાહદારી પંચોને બોલાવી વિગતવારની સમજ આપી પ્રાથમિક પંચનામુ કરેલુ અને પંચનામુ તેમજ પ્રોહી કલમ ૧૨૦ નો ઠરાવ કરી સદર હકીકત વાળી જગ્યાએ રવાના થયેલા. માટેલ રોડ, વિકાસ હોટલ ની પાછળ ની ઓરડી એ તપાસ કરતા એક ઈસમ હાજર મળી આવેલો તેનુ પંચો રૂબરૂ નામ ઠામ પુછતા ગભરુભાઈ ઝવેરભાઈ માથાસુરીયા રહે. માટેલ રોડ, વિકાસ હોટલ પાછળ, તા.વાંકાનેર રહે. મુળ દેવસર, જી.સુરેન્દ્રનગર વાળો હોવાનું જણાવેલુ. મજકુરને પ્રોહી ૧૨૦ ના ઠરાવની સમજ કરી સાથે રાખી ઓરડી માં તપાસ કરતા પ્લાસ્ટીકના બે બાચકા મળી આવેલ જે બાચકાના મોઢા ખોલી ચેક કરતા પારદર્શક પ્રવાહી ભરેલી કોથળીઓ જોતા. તેને બહાર કાઢી ગણતા તે કોથળીઓ નંગ–૨૦૦. દરેક કોથળી ઓ માંથી ૨૦૦ એમ.એલ. જેટલુ પ્રવાહી એફ.એસ.એલ. તપાસણી અર્થે કબજે કરેલ. સદરહું દારુ પંચો રૂબરૂ સુંઘી સુંઘાડી જોતા દેશી દારુ જેવી ખાટી અને તીવ્ર વાસ આવતી હોય સદર દારુ રાખવા બાબતે ઈસમ ને પાસ પરમીટ કે આધાર પુરાવો માંગતા ન હોવાનું જણાવેલું આમ કોથળી નંગ–૨૦૦, દારુ લીટર – ૫૦ જેની કીંમત રૂા.૧૦૦૦/– ગણી મુદામાલ કબજે કરી વિગતવારનું પંચનામુ અમોએ કરેલુ. ત્યારબાદ અમારી સાથેના વિક્રમભાઈ લાભુભાઈ એ પો.સ્ટે. જઈ આ ગુન્હાની ફરીયાદ આપેલી. મને આજ રોજ કામ માંથી પ્રોહી કલમ ૧૨૦ નો ઠરાવ કરેલ અને ત્યારબાદ સદર ગુનો રજીસ્ટર થવા પી.અસ.ઓ.ને આપતા પી.એસ.ઓ.એ ગુ.ર.નં. ૪૩૧/૨૪ પ્રોહી કલમ–૬૫(ઈ) મુજબનો

ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ અમોને સોપતા તપાસના કામે અમોએ લાગતા વળગતા સાહેદોના નીવેદન લીધેલા તેમજ સદર મુદામાલ એફ.એસ.એલ તપાસણી અર્થે રવાનગી પત્રકથી મોકલી આપેલ જે રવાનગી પત્રક રજુ **દાઆંક.-૨૧**. આમ આરોપી વી. પુરતો પુરાવો હોય મે ચાર્જશીટ કરેલુ. આરોપીને જોયેથી ઓળખુ છું. આજ રોજ કોર્ટ માં હાજર નથી. બચાવ પક્ષે આરોપીની ઓળખ અંગેની તકરાર નથી.

બચાવપક્ષે ઉલટતપાસ કરતાં એ હકીકત સ્વીકારેલ છે કે, બનાવ સ્થળની આજુ બાજુ માં ઘણી દુકાનો આવેલી છે તેમજ માણસોની અવર જવર હોય છે. જયાં સુધી એફ.એસ.એલ. રીપોર્ટ ન આવે ત્યા સુધી કહી નો શકાય કે કબજે કરેલ મુદામાલ દેશી દારુ છે. ઈસમ ની ઓળખ અંગેનો દસ્તાવેજી પુરાવો મારી રૂબરૂ કબજે કરેલ નથી. અમારા ઉપલા અધિકારીની સૂચનાઓ દવારા જુગાર, દારુની સ્પેશીયલ ડ્રાઈવ રાખવા માં આવે છે.

(૧૩) ઉપરોકત ફરીયાદ પક્ષનો પુરાવાનુ મુલ્યાંકન કરતા ફરીયાદી તથા પોલીસ સાહેદોના પુરાવામાં બાતમી આધારે પંચો રૂબરુ માટેલ રોડ, વિકાસ હોટલ ની પાછળ ની ઓરડી માંથી લાસ્ટીકના બે બાચકા મળી આવેલ જેમાં દેશી દારૂ લી.૫૦ કી ૧૦૦૦ નો મળી આવેલાનુ જણાવેલ છે.તેમજ સદર મુદ્દામાલ જે સ્વંતત્ર પંચોની હાજરીમાં કબજે કરેલાનુ જણાવેલ છે. તે પંચ સાહેદો ફરીયાદ પક્ષના પુરાવાને સર્મથન કરતા નથી. તેમજ તેઓની હાજરીમાં આરોપી પાસેથી મુદ્દામાલ કબજે કરેલ હોવાની હકીકતને સમર્થન કરેલ નથી. જેથી પોલીસ સાહેદોના પુરાવા આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. જેથી ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાના આધારે આ કામના આરોપીને હાલના ગુના સાથે સાકળી શકાય નહી તેવો પુરાવો નથી તેવુ આ અદાલતનુ નમ્ર પણે માનવુ છે.જેથી ફરીયાદપક્ષ આ કામના આરોપી સામે મુદ્દા નં.૧ માં મુકવામાં આવેલ તહોમત નિ:શંકપણે પુરવાર કરી શકતાંન હોય તેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપું છું અને મુદ્દા નં.ર અંગે નીચે મુજબનો અં તિમ હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુ ક મ ::**

**(૧)** આ કામનાં આરોપી **ગભરૂભાઇ ઝવેરભાઇ માથાસુરીયા,** ઉવ:૩૪, ધંધો:મજુરી, રહે હાલ:માટેલ રોડ,વિકાસ હોટલ પાછળ ઓરડીમા, લાકડાધાર, તા.વાંકાનેર, જી.મોરબી, મુળ ગામ:કાનપર,તા.સાયલા,જી.સુરેન્દ્રનગર. નાઓએ બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧ (૧) અન્વયે પ્રોહીબીશન એકટ કલમ – ૬૫(ઇ) મુજબનાં શિક્ષાપાત્ર ગુના માંથી પુરાવાના અભાવે નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** બી.એન.એસ.એસ.ની કલમ–૨૮૧ અન્વયે અપીલ પીરીયડ માટેના આરોપીએ રૂપીયા ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર) પુરાના જામીન તથા તેટલી જ રકમનાં જાતમુચરકો રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** આ કામે કબ્જે કરેલ મુદામાલ દારૂનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ **તારીખ :** ૦૧ **માહે :** જુલાઇ , **સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૧/૦૭/૨૦૨૬
મુ.વાંકાનેર

(વિરેન્દ્રસિંહ શનાભાઈ ઠાકોર)
એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
કોડ નં. જી.જે.૦૧૨૨૪